===================================================

## મે.૩૧ માં એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ , અમદાવાદ સીટી.

===================================================

**ક્રિ.કેસ નં: 45995-25**

**ફરીયાદીઃ સરકારશ્રી**

**વિરુધ્ધ**

**આરોપીઃ**

**તહોમત - જી.પી.એક્ટ કલમ-૧૩૫(૧) મુજબ**

**<u>ઠ રા વ</u>**

૧. ફરીયાદ પક્ષના કેસની હકીકત મુજબ આરોપીએ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરના જાહેરનામાનો ભંગ કરી જી.પીએક્ટ કલમ-૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.

૨. આરોપી આજ રોજ કોર્ટ સમક્ષ હાજર રહેતાં આરોપીને ચાર્જશીટના પેપર્સ આપવામાં આવેલ છે અને આરોપીની પ્લી લેતાં તેણે સદર ગુન્હાની કબુલાત કરેલ છે. જેથી આરોપીની ગુના કબુલાત અંગે તેને કસુરવાન ઠેરવ્યા સિવાય બીજો કોઇ વિકલ્પ નથી, પરંતુ આરોપી તેના ગુન્હાનો અહેસાસ કરે છે અને ભવિષ્યમાં ફરી આવો ગુન્હો નહી કરે તેવી બાહેધરી આપે છે, ત્યારે આરોપીના સંજોગો ધ્યાને લેતાં તેમજ આરોપીને સુધરવાની તક આપવી યોગ્ય વ્યાજબી અને ન્યાયી જણાતુ હોય આરોપીને સખ્ત સજા નહી કરતા હળવી સજા ફરમાવવાના નિષ્કર્ષ ઉપર આ અદાલત આવે છે અને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

આ કામના આરોપીને જી.પી.એક્ટ-૧૩૫(૧) ના ગુન્હા માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૫ અન્વયે તકસીરવાન ઠેરવવામા આવે છે અને આરોપીને **રૂા.૧૦૦/- (અંકે રૂપીયા સો પુરા)**નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા ફરમાવવામા આવે છે. જો દંડ ન ભરે તો દિન -૫ ની સજા કરવામા આવે છે.

- જો મુદ્દામાલ હથિયાર કબજે લીધેલ હોય તો તેનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**(મનોજકુમાર રાધેશ્યામ લાલવાણી)**
૩૧ માં એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ સીટી.
**(Code No. GJ01124)**

અમદાવાદ.
તા. ૦૮/૦૩/૨૦૨૫